આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **13-06-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## **PM** : ઇટલી મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે યોજાનારા જી-7 શિખર સંમેલનમાં ઉપસ્થિત રહેવા આજે ઇટાલી જવા રવાના થયા. નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં વિદેશ સચિવ વિનય કવાત્રાએ જણાવ્યું હતું કે, ભારતને આઉટરીચ કન્ટ્રી તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે. સતત ત્રીજી વાર પ્રધાનમંત્રી પદનાં શપથગ્રહણ કર્યા બાદ શ્રી મોદીનો આ પ્રથમ વિદેશ પ્રવાસ છે. શ્રી કવાત્રાએ જણાવ્યું કે, આ પ્રવાસ જી-7 શિખર સંમેલન ભારત સિવાય ગ્લોબલ સાઉથને લગતા મહત્વના મુદ્દા પર ચર્ચા કરવાની પણ તક છે. જી-7માં ભારત 11મી અને પ્રધાનમંત્રી મોદી પાંચમી વખત ભાગ લઈ રહ્યા છે.

**RNU** અમદાવાદ

---

## લોકસભા : રાજ્ય સભા સત્ર

18મી લોકસભાનું પ્રથમ સત્ર આગામી 24 જૂનથી 3 જુલાઈ સુધી યોજાશે. આ સત્ર દરમિયાન નવા ચૂંટાયેલા સાંસદોની શપથવિધિ, અધ્યક્ષની ચૂંટણી, રાષ્ટ્રપતિનું સંબોધન અને ચર્ચા થશે. રાજ્યસભાનું 264મું સત્ર 27 જૂનથી 3 જુલાઈ દરમિયાન યોજાશે.

કેન્દ્રિય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું કે, 140 કરોડ ભારતીયોની મહાત્વાકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા અને ચર્ચા કરવા સંસદ એક આદર્શ મંચ છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ગેનીબેન ઠાકોર

ગેનીબેન ઠાકોરે કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું છે. તેમણે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપ્યું છે. તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક પરથી જીત મળતાં તેમણે વાવ બેઠક પરથી ધારાસભ્ય તરીકે રાજીનામું આપ્યું છે. વાવ બેઠક ખાલી પડતાં હવે છ મહિનામાં વિધાનસભા પેટા ચૂંટણી યોજાશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ઉનાળુ વેકેશન પૂર્ણ

આજથી ઉનાળુ વેકેશન પૂર્ણ થતા શાળાઓ ખૂલી ગઇ છે. રાજ્ય સરકારની સૂચના અનુસાર 27મી જૂનથી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવાનો છે તેને લઇને જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. શાળા ખુલવાની સાથે શાળામાં સફાઇથી લઇને સલામતી અંગે પણ સૂચનાઓ આપી દેવામાં આવી છે આ અંગે વધુ વિગતો આપતા જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે આ પ્રમાણે જણાવ્યું હતું.

બાઇટ : સંજય પરમાર

પરેશ મારૂ

-----------------------------------------------------------------------

## વિશ્વ યોગ દિવસ ઉજવણી

આગામી તા.૨૧ જૂનના રોજ સમગ્ર રાજ્ય સહિત કચ્છ જિલ્લામાં ૧૦માં 'વિશ્વ યોગ દિન'ની ઉજવણીનું આયોજન કરાયું છે. ' સ્વયં અને સમાજ માટે યોગ' ની થીમ પર થનાર આ ઉજવણીના સુચારૂ આયોજન માટે કચ્છ જિલ્લા કલેકટરશ્રી  અમિત અરોરાના અધ્યક્ષ સ્થાને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી. તેમણે વિશ્વ યોગ દિન પૂર્વે આગામી તા.૧૫ થી તા.૨૦ જૂન દરમિયાન જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ વિભાગોના સહયોગથી યોગના કાર્યક્રમો યોજાશે.યોગદિનના પરીવારજન સહિત કચ્છવાસીઓ જાહેર કાર્યક્રમ

તથા જે તે સંસ્થા આયોજિત કાર્યક્રમમાં જોડાય તેવી અપીલ કલેક્ટરે કરી હતી.

માહિતી ખાતુ

--------------------------------------------------------------------------

## વર્ષાઋતુ : એપ્લિકેશન

વર્ષાઋતુને ધ્યાનમાં રાખી હવામાન વિભાગ, ભારત સરકાર દ્વારા 'સચેત એપ્લિકેશન', 'મોસમ એપ્લિકેશન', 'દામિની એપ્લિકેશન', 'મેઘદૂત એગ્રો એપ્લિકેશન' અને 'પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્લિકેશન-આઈ.એમ.ડી' જેવી એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ તમામ એપ્લિકેશન IMDની વેબસાઈટ અને ગૂગલ પ્લે સ્ટોર ઉપર ઉપલબ્ધ છે. આ મોબાઈલ એપ્લિકેશન્સ વરસાદની આગાહી, વીજળીથી બચાવ, ખેતી માટે ઉપયોગી છે. કચ્છ જિલ્લાના ખેડૂતો સહિત તમામ નાગરિકોને આ એપ્લિકેશનની ડાઉનલોડ કરવા મામલતદારશ્રી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા અનુરોધ કરાયો છે.

પરેશ મારૂ

--------------------------------------------------------------------------

## NEET ફરી પરીક્ષા

મેડિકલ એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ UG (NEET UG) પરીક્ષા દેશભરમાં લેવાઈ હતી.

ગુજરાતમાંથી અંદાજે 80 હજાર જેટલા વિદ્યાર્થીઓ અને દેશમાંથી 24 લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

જે સંદર્ભે આજે સુપ્રીમ કોર્ટમાં NEET પરીક્ષામાં ગેરરીતિઓ અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને કહ્યું- આ ઉમેદવારો માટે 23 જૂને ફરીથી પરીક્ષા લેવામાં આવશે. પરિણામ 30 જૂન પહેલા જાહેર કરવામાં આવશે. જેથી જુલાઈમાં શરૂ થતા કાઉન્સેલિંગને અસર ન થાય અને 6 જુલાઈની પહેલાથી જ નક્કી કરેલી તારીખથી તમામ બાળકોનું કાઉન્સેલિંગ એકસાથે થઈ શકે.

**N.P.** જાગૃતિ વકીલ

---